**માલપુરના મે.પ્રીન્સીપાલ સીવીલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, માલપુર .**

**ફ્રી.કે.નં.૧૩૯/૨૦૨૬**
**આંક–૧૦**

**ફરીયાદી–** શ્રી સરકાર

**//વિરુધ્ધ//**

**આરોપી–** કાન્તીભાઈ ગોવિંદભાઈ ચમાર,ઉ.વ.૬૦
રહે. મહિયાપુરા(ડેરીપાસે), તા.માલપુર,
જી.અરવલ્લી.

**ગુન્હો–** બી.એન.એસ કલમ–૧૦૩(૧),૨૩૮(એ) તથા
જી.પી.એકટ ૧૩૫ મુજબ.

---

**–:: <u>કમીટલ હુકમ</u> ::–**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ઉપરોકત જણાવેલ આરોપી વિરૂધ્ધ માલપુર પોલીસ સ્ટેશન ધ્વારા બી.એન.એસ કલમ–૧૦૩(૧),૨૩૮(એ)તથા જી.પી.એકટ ૧૩૫ મુજબના ગુનાનું અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ. જે ચાર્જશીટ ફોજદારી કેસ તરીકે રજીસ્ટર થઈ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ રાખેલ છે. તેમજ આરોપી આજરોજ અત્રેની કોર્ટ રૂબરૂ હાજર થયેલ હોય તેઓને સદરહું ગુન્હાના કામનાં ચાર્જશીટની તમામ નકલો બી.એન.એસ.એસની કલમ– ૨૩૧ મુજબ વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપી સામે આક્ષેપિત ગુન્હાની કલમો જોતાં

આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા નામદાર સેશન્સ અદાલતની હોઈ આરોપીના જરૂરી નિવેદનો લઈને આ કામમાં સામેલ રાખીને સદર કેસ નામદાર સેશન્સ કોર્ટને કમીટ કરવા સંબંધી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ ::–**

૧. આથી બી.એન.એસ.એસની કલમ ૨૩૨ અન્વયે અત્રેની કોર્ટ માં પેન્ડીંગ પોલીસ તપાસના ચાર્જશીટનો ક્રિમીનલ કેસ નં.૧૩૯/૨૦૨૬ ઈન્સાફી કાર્યવાહી માટે માનનીય સેશન્સ અદાલત, મોડાસા તરફ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદરહુ કેસનું તમામ રેકર્ડ તથા પ્રોસીંડીંગ્સ વિગેરે માનનીય સેશન્સ અદાલત મોડાસા તરફ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદરહુ કેસ કમીટ કર્યાની જાણ જીલ્લા સરકારી વકીલશ્રીનાઓને કરવી.

– **હુકમ આજરોજ તારીખ ૨૪,માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.**

**માલપુર.**
**તા.૨૪/૦૩/૨૦૨૬**

**(પૂજા સુરાણા)**
**પ્રિન્સીપાલ સીવીલ જજ અને**
**જયુડી.મેજીસ્ટ્રેટફ.ક., માલપુર.**
**(જજ કોડ નં.૦૧૪૨૮)**

P.A.H.L.MER